:: નમુનો – ક ::

## (જુઓ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ–૧૯૮૪ નો નિયમ–૧૦૭ (૫))
## ખાનગી પ્રાથમિક શાળાની મંજુરી માટે પ્રમાણપત્રનો નમુનો
## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી–રાજકોટ

## :: મંજુરી પ્રમાણપત્ર–શૈ.વર્ષ : ૨૦૧૪ –૧૫ થી ::

પ્રમાણિત કરવામાં આવે છે કે,
શ્રી જેતપુર કેળવણી મંડળ, જેતપુર
પ્રકાશ પ્રીન્ટ, ઓવરબ્રીજ પાસે,
નવાગઢ તા. જેતપુર જી. રાજકોટ
સંચાલિત
**શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઈ) ઈંગ્લીશ સ્કૂલ** **(અંગ્રેજી માધ્યમ)**
કે.ઓ. બોસમીયા કોલેજ કેમ્પસ, જુનાગઢ રોડ, જેતપુર

**(બિન અનુદાનિત પ્રાથમિક શાળા)** ને નીચે દર્શાવેલ શિક્ષણના માધ્યમમાં અને ધોરણોમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ હેઠળ શિ. વિ., ગુ.રા., ના જાહેરનામા ક્રમાંક : ૨૯/ખપશ/૬/છ/૯૯/માન્યતા/ ૯૪૬૬–૯૪૯૦, તા. ૩ – ૫ – ૧૯૯૯ ના થી મળેલ અધિકાર અન્વયે માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજુર કરવામાં આવે છે.

( બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા )

| અનુ. ક્રમાંક | શિક્ષણનું માધ્યમ | ધોરણ અને વર્ગો |
|---|---|---|
| ૧ | (અંગ્રેજી માધ્યમ) | ૧ થી ૫ ના એક એક વર્ગ |

ક્રમાંક : પ્રાથમિક / ક–૫/ખપશ /માન્યતા /૨૦૧૪/ ૨૬૮.૨૭૨
તા. ૧૨।૬।૨૦૧૪

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ જિ. રાજકોટ

**જૂન–૨૦૧૪ થી શાળા શરૂ કરવામાં નહીં આવે તો માન્યતા આપોઆપ રદ ગણાશે.**

H. B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jet... ...vani Mandal Trust

મંજુરી પત્ર—નવી ખાનગી પ્રાથમિક શાળા (નોન ગ્રાન્ટેડ)

ક્રમાંક : પ્રાથ/ક—૫/ખપશ/૧૪/ ૨૫૯-૨૯૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
C/O. મોહનદાસ ગાંધી વિદ્યાલય,
રાજકોટ, તારીખ : ૧૨/૬/૨૦૧૪

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી જેતપુર કેળવણી મંડળ, જેતપુર
પ્રકાશ પ્રીન્ટ, ઓવરબ્રીજ પાસે,
નવાગઢ તા. જેતપુર જી. રાજકોટ

વિષયઃ સને ૨૦૧૪—૨૦૧૫ ના શૈક્ષણિક વર્ષથી નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની મંજુરી અંગે.

સંદર્ભઃ ૧. શ્રી જેતપુર કેળવણી મંડળ, જેતપુર દ્વારા સંચાલિત
શ્રી પ્રાણલાલ છગનલાલ ઓડા (દેસાઈ) ઈંગ્લીશ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)
કે.ઓ. બોસમીયા કોલેજ કેમ્પસ, જુનાગઢ રોડ, જેતપુર
નામથી ૨૦૧૪—૨૦૧૫ ના શૈક્ષણિક વર્ષથી નવી ખાનગી પ્રાથમીક શાળાની મંજૂરી માટેની
અરજી તા. : 20-Feb-2014

૨. સ્થળ તપાસ અધિકારીની અરજી ચકાસણી અંગેનો અહેવાલ, નોંધ અને ભલામણ
તપાસ તા. : 24-May-2014

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ માં ક્રમ (૧) માં નિર્દેશ કરેલ અરજી અન્વયે ક્રમ (૨) માં નિર્દેશ કરેલ અધિકૃત અધિકારીને ઉપરોકત અરજીની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો ઉપર વિચારણા કરીને સંદર્ભ ક્રમ (૧) માં નિર્દેશ કરેલ ટ્રસ્ટની શાળાને (અંગ્રેજી માધ્યમ) માં ધોરણ ૧ થી ૫ ના એક એક વર્ગ જૂન : ૨૦૧૪ થી નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની અરજીનો મુંબઈ પ્રાથમીક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને તે હેઠળના નિયમોના જોગવાઈઓ હેઠળ શિ. વિ. ગુ. રા. ના જાહેરનામા ક્રમાંક : ૨૯/ખપશ/૬/છ/૯૯ માન્યતા ૯૪૬૬—૬૪૯૦ ,તા.૩—૫—૧૯૯૯ થી મળેલ અધિકાર અન્વયે અનુદાન નહીં મેળવવાની શરતે આ સાથે જોડેલ અનુસુચિ—૧ ની શરતોનું પાલન કરવાની શરતે જુન—૨૦૧૪ થી માન્ય બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચતર પ્રાથમિક શાળા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ધોરણ ૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) નવી બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા**

**નોંધ :—** (૧) શેડયુલ—એફ.નું પાલન કરવાની શરતે.
(૨) 'રાઈટ ટુ' એજ્યુકેશન એકટ — ૨૦૦૯ નું પાલન કરવાનું રહેશે.

**ધોરણ ૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) ની નવી બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની જૂન — ૨૦૧૪ થી મંજૂરી આપવામાં આવે છે.**

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ જિ. રાજકોટ

<u>નકલ રવાના :—</u>
૧: પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર

<u>નકલ જાણ થવા :—</u>
૧: શાસનાધિકારી શ્રી, રાજકોટ

ઇનવર્ડ નં. ૧૦૧
17-06-14

H. B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelavani Mandal Trust

:: અનુસુચિ–૧ ::

**મંજુર કરેલ માન્ય ખાનગી પ્રાથમિક શાળાએ નીચેની શરતોનું ચુસ્તતાપૂર્વક પાલન કરવાનું રહેશે.**
**આ શરતો પૈકીની કોઈ પણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જતી શાળાની મંજુરી કોઈ પણ સમયે પાછી ખેચી લઈ શકાશે.**

(૧) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો – ૧૯૪૯ ના સુધારેલા નિયમ – ૧૦૬(ક) ના પેટા નિયમ–(૪)ને(૭) ને આધિન રહીને આ મંજુરી આપવામાં આવેછે.

(૨) શાળાના કામકાજનું નિયમન શિક્ષણ સમિતિ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતાં હુકમો,અનુદેશો મુજબ કરવાનું રહેશે.

(૩) અધ્યાપકીય સ્ટાફના પગાર ધોરણો , ભથ્થાના દરો, સરકાર વખતો વખત મંજુર કરે તે રાખવાના અને ચુકવવાના રહેશે.

(૪) શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી ફી ના દર જિલ્લા શિક્ષણાધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. અને જિલ્લા શિક્ષણાધિકારીએ મંજુર કરેલ દરે જ વિદ્યાર્થી પાસેથી ફી વસુલ કરવાની જરૂરી પંહોચ / પાવતી આપવાની રહેશે.

(૫) શાળા વિદ્યાર્થીઓ પાસે પ્રવેશ ફી, સત્ર ફી અને માસિક શિક્ષણ ફી સિવાયની અન્ય કોઈ પણ પ્રકારની ફી વસુલ કરી શકશે નહીં.

(૬) શાળા નફાના હેતુથી ચલાવવામાં આવશે નહી. શાળાકીય ઓડીટ હિસાબોનું પત્રક , શાળાના શૈક્ષણિક નિરીક્ષક કરી શકશે.

(૭) શાળાના નિભાવના ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળ વિદ્યાર્થીઓના માતા કે પિતા અથવા વાલીઓને પોતાની શાળામાં વિદ્યાર્થીઓ ને પ્રવેશ આપવા સારૂ ટ્રસ્ટ કે મંડળને દાન અથવા લોન આપવા ફરજ પાડી શકાશે નહી અથવા ફરમાવી શકાશે નહીં.

(૮) શાળાના નિભાવના ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળે અનુસુચિત બેંકમાં ખાતું ખોલવાનું રહેશે. અને સ્ટાફના પુરા પગારની ચુકવણી આવા ખાતામાંથી ચેક પધ્ધતિ દ્વારા કરવાની રહેશે.

(૯) શાળાએ સરકારે મંજુર કરેલ અભ્યાસ ક્રમ અને વિષય સુચિ અનુસરવાના રહેશે. સરકારે વખતો વખત મંજુર કરેલ અને ઠરાવેલ પાઠય પુસ્તકો સિવાયના સાહિત્યનો ઉપયોગ અભ્યાસક્રમના માધ્યમ તરીકે કરી શકાશે નહીં.

(૧૦) શાળા ચલાવતા ટ્રસ્ટ કે મંડળના વ્યવસ્થાતંત્રની ફેરબદલી કરી શકાશે નહીં . પૂર્વ પરવાનગી વિના કરેલ ફેરફાર બિન અધિકૃત ત રીકે સ્વીકારી અપાયેલ મંજુરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૧) શાળા શરૂ કરવા જે મકાનમાં અને સ્થળે મંજુરી આપવામાં આવી હોય તે મકાન / સ્થળમાં પૂર્વ પરવાનગી વિના કોઈ પણ પ્રકાર નો ફેરફાર કરી શકાશે નહીં. આવા કરાયેલા ફેરફારના કારણે અપાયેલ મંજુરી રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) જે શૈક્ષણિક વર્ષમાં શાળાને / વર્ગને મંજુરી આપવામાં આવી હોય, તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજુરી મળ્યાના પછી ના છ માસ સુધીમાં શાળા શરૂ કરવામાં નહી આવે તો અપાયેલ મંજુરી રદ થવાને પાત્ર છે.

(૧૩) મંજુર કરેલી શાળાના મકાનમાં અમાન્ય વર્ગ / ધોરણોનું સંચાલન કરી શકાશે નહીં.

(૧૪) શાળાએ અધ્યાપકીય સ્ટાફ , શાળાના કદને ધ્યાનમાં લેતાં, પુરતો અને તાલીમ – લાયકાત ધરાવતો હોવો જોઈએ. સરકારે વખ તો વખત ઠરાવેલ લાયકાતો ધરાવતા તાલીમી શિક્ષકોની જ નિમણુંક કરવાની રહેશે. શિક્ષકોની ભરતી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિ નયમો–૧૯૪૯ સાથેની અનુસુચિ–" ૭ " જોગવાઈઓ આધીન રહેશે.

(૧૫) શાળામાં વર્ગદીઠ વિદ્યાર્થીઓ પ્રવેશની સંખ્યા મુંબઈ પ્રાથમિક શિક્ષણના નિયમો – ૧૯૪૯ ના સુધારેલા નિયમો–૧૦૬ (ક) (૭) (૩) પ્રમાણે રાખવાની રહેશે.

(૧૬) શાળાકીય વર્ગ દીઠ માટે શાળાકીય નિરીક્ષણ માટે જયારે જિલ્લા / નગર શિક્ષણ સમિતિ / જિલ્લા શિક્ષણાધિકારી કે અન્ય અધિકૃત પ્રતિનિધિ માહિતી / વિગત માંગે તે વિના વિલંબે અધિકૃત માહિતી પુરી પાડવાની રહેશે.

(૧૭) જયારે જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે કે જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

(૧૮) શાળાની માન્યતા સંદર્ભમાં મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની જોગવાઈ અનુસારમાન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજુર કરતું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.

(૧૯) શિક્ષકોની નવી નિમણુંક કરતી વખતે અન્ય ખાનગી પ્રાથમિક શાળા બંધ થવાના કારણે શાળામાં ધોરણ/વર્ગ ઘટાડાના કારણે ફાજલ પડેલા તાલીમી શિક્ષકોને અગ્રીમતા ધોરણે નિમણુંક આપવાની રહેશે.

(૨૦) ખાનગી પ્રાથમિક શાળા ચલાવતું ટ્રસ્ટ / મંડળ પોતાની શાળા અન્ય ટ્રસ્ટ / મંડળને વંહેચી શકાશે નહીં.

(૨૧) આ અગાઉ તમારી અરજીની માન્યતા નકારવામાં આવી હોય અને સરકારશ્રીમાં મંડળ / ટ્રસ્ટ દ્વારા અપીલ નોંધવામાં આવી હોય તો તેના હકારાત્મક નિર્ણય સામે આ પત્રથી અપાયેલ મંજુરી સરભર કરવાની રહેશે.

(૨૨) સંસ્થા આ કચેરીના ઉકત નિર્ણય સામે અપીલ કરવા ઈચ્છે તો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ ની કલમ – ૪૦–ક (૮) ની જોગવાઈ મુજબ નિર્ણયની જાણ કર્યા તારીખથી એક માસમાં રૂા. ૫–૦૦ ના કોર્ટ ફી અપીલ સ્ટેમ્પ અપીલ લગાવીને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., જુના સચિવાલય, બ્લોક નં.૧૨, ગાંધીનગર રજુ કરી શકશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ જિ. રાજકોટ

H. B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelavani Mandal Trust

**ઉપલા ધોરણો / વધારાના વર્ગો.મંજુરી પત્ર**
**બિન અનુદાનિત વર્ગ વધારો / ક્રમિક વર્ગ(નોન ગ્રાન્ટેડ)**

૨૯૩ ન ૨૯૦

ક્રમાંક : પ્રાથમિક/ક–૫/ખમશ/૨૦૧૭/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
C/O.મોહનદાસ ગાંધી વિદ્યાલય,
જયુબેલી બાગ પાસે, રાજકોટ
રાજકોટ , તા૨૦–૦૬–૨૦૧૭

૨૯ જૂન

પ્રતિ,
**પ્રમુખશ્રી / ટ્રસ્ટીશ્રી,**
જેતપુર કેળવણી મંડળ સંચાલિત,
શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા(દેસાઈ)
ઈંગ્લીશ હાઈસ્કૂલ,
બોસમીયા કોલેજ કેમ્પસ,જુનાગઢ રોડ,
**મુ.જેતપુર–૩૬૦૩૭૦.**

વિષય : ૨૦૧૭–૨૦૧૮ ના શૈક્ષણિક વર્ષથી ઉપલા ધોરણો / વધારાના વર્ગો શરૂ કરવાની મંજુરી અંગે.

સંદર્ભ : (૧) જેતપુર કેળવણી મંડળ સંચાલિત શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા(દેસાઈ) ઈંગ્લીશ હાઈસ્કૂલ,જેતપર શાળાના ૨૦૧૭–૨૦૧૮ ના શૈક્ષણિક વર્ષથી ખાનગી પ્રાથમિક શાળાના ઉપલા ધોરણો / વધારાના વર્ગો શરૂ કરવાની અરજી

(૨) સ્થળ તપાસ અધિકારીની અરજી ચકાસણી અંગેની વિશેષ નોંધ અને ભલામણો

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભમાં ક્રમ–(૧) માં નિર્દેશ કરેલ અરજી અન્વયે ક્રમ–(૨) માં નિર્દેશ કરેલ અધિકૃત અધિકારીની ઉકત અરજીની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો ઉપર વિચારણા કરીને સંદર્ભ ક્રમ–(૧) માં નિર્દેશ કરેલ શાળાને **ધો.૧ થી ૫ના બીજા એક વર્ગ** ને **અંગ્રેજી** માધ્યમમાં ઉપલો ધોરણો / વધારાના વર્ગોમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે / શરૂ કરવા કરવા માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈઓ હેઠળ શિ.વિ., ગુ.રા., ના જાહેરનામા ક્રમાંક : ૨૯/ખપશ/૬/છ/૯૯ માન્યતા ૯૪૬૬–૬૪૯૦ , તા.૩–૫–૧૯૯૯ થી મળેલ અધિકાર અન્વયે અનુદાન નહીં મેળવવાની શરતે આ સાથે જોડેલ અનુસુચિ–૧ ની શરતોનું પાલન કરવાની શરતે જુન–૨૦૧૭ થી ઉપલાધોરણો / વધારાના વર્ગો શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે.

| **ક્રમ** | **શાળામાં હાલ ચાલુ ધોરણ તથા વર્ગ(૨૦૧૫–૨૦૧૬)** | **આ હુકમથી આપવામાં આવેલ મંજુરી (૨૦૧૭–૧૮)** |
|---|---|---|
| 1 | ધો.૧ થી ૫ ના એક એક વર્ગ | ધો.૧ થી ૫ નો બીજો એક વર્ગ |

**નોંધ : શેડયુલ–એફ.નું પાલન કરવાની શરતે.**

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

**નકલ સાદર રવાના :**
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., જુના સચિવાલય, બ્લોક નં.૧૨, ગાંધીનગર.

**નકલ જાણ ઘટિત કાર્યવાહી અર્થે :**
(૧) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,જેતપુર.

H.B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelavani Mandal Trust

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/રાજકોટ /૧૪૦- અપીલ/૨૦૧૯/૩૨૪-૨૯

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ર્ડા.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૧૦/૦૧/૨૦૨૦

**વિષયઃ**- નવી ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળા માટે અપીલ માટે સુધારા આદેશ બાબત.
શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઇ) ઈંગ્લીશ સ્કુલ, બોસમિયા કોલેજ કેમ્પસ, જેતપુર જિ. રાજકોટ

સંદર્ભ – (૧) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને તે હેઠળના ૧૯૪૯ના નિયમોની જોગવાઇઓ

(૨) ગુજરાત RTE નિયમો- ૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃ: GH-SH-4-PRE-૧૨૨૦૧૦/GOI-10/K તા.૧૮-૨-૨૦૧૨

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ ના ક્રમાંક- શિક્ષણ/ખાનગી/નવી શાળા/ વશી/૧૯ /૪૭ તા. ૦૧/૦૬/૨૦૧૯ RAJ500047

(૪) અત્રેના હુકમ નં. પ્રાશિનિ/ખ.૨/અપીલ ફા.૧૪૦/રાજકોટ/૨૦૧૯/૯૫૨૮-૩૦ તા. ૨૧/૧૦/૨૦૧૯

(૫) શ્રી જેતપુર કેળવણી મંડળ ટ્રસ્ટ, જેતપુર જિ. રાજકોટના તા. ૧૮/૧૧/૨૦૧૯ તથા તા. ૨૨/૧૧/૨૦૧૯ તેમજ તા. ૧૦/૦૧/૨૦૨૦ ની રજુઆત.

**સુધારા આદેશ -**

શ્રી જેતપુર કેળવણી મંડળ ટ્રસ્ટ, જેતપુર, પ્રકાશ પ્રિન્ટ, ઓવર બ્રિજ પાસે, નવાગઢ, જિ. રાજકોટ સંચાલિત શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઇ) ઈંગ્લીશ સ્કુલ, બોસમિયા કોલેજ કેમ્પસ, જેતપુર જિ. રાજકોટને અંગ્રેજી માધ્યમની ધો. ૬ થી ૮ ની બિન અનુદાનિત ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટે ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૩) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર (૨) ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલા R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

જે પરત્વે સંદર્ભ- ૪ માં દર્શાવેલ અત્રેના તા. ૨૧/૧૦/૨૦૧૯ ના આદેશથી અપીલ નામંજુર કરવામાં આવેલ. જેની સામે સંસ્થાએ સદરહુ હુકમ અન્વયે તારીખ- ૧૮/૧૧/૨૦૧૯ અને તારીખ- ૨૨/૧૧/૧૯ ખરીદ દસ્તાવેજ અસલ, મકાન વપરાશનું પ્રમાણ પત્ર અસલ, કેમ્પસનો લે-આઉટ પ્લાન રજુ કરેલ, રમતગમતના મેદાન તરીકે કેમ્પસમાં ઇન્ડોર ગેઇમ માટે ૯૮૧.૬૪ ચો.મી., તેમજ ૨૮૪૭ ચો.મી. અને ૮૭૫.૭૫ ચો.મી. મળીને કુલ ૪૩૪૪.૪૯ ચો.મી.ની સુવિધા દર્શાવેલ છે. તેમજ તારીખ ૧/૧/૨૦૨૦ નો સીટીસર્વે કચેરી જેતપુર દ્વારા આપેલ મિલકત કાર્ડમાં બોજા નોધમાં મિલકત ધારણ કરનાર તરીકે જેતપુર કેળવણી મંડળનું નામ નોધાયેલ છે. જેની

નકલ તા. ૧૦/૦૧/૨૦૨૦ ના રોજ રુબરુમાં રજુ કરેલ છે. જેમાં સીટી સર્વે નં. ૭૮૨૩ માં કુલ ૧૫૨૪૧.૦૮ ચો.મી. જમીન દર્શાવેલ છે. દસ્તાવેજની નકલ સામેલ રાખેલ છે. નામંજુરીના આદેશમાં જણાવ્યા મુજબ શાળાના મકાનનો નકશો સક્ષમ અધિકારી દ્વારા એપ્રુવ કરેલ રજુ કરેલ નથી. પરંતુ શાળાનું મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય હોવા અંગેનું બી.યુ.પી. સર્ટી ચીફ ઓફીસર, જેતપુર નવાગઢ નગરપાલિકાનું રજુ કરેલ છે.

આમ, ઉકત વિગતો અને આધારોની ચકસાણી કરતાં સંદર્ભ- ૪ માં દર્શાવેલ આદેશના હુકમમાં નીચે મુજબ સુધારો કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમઃ-

હું ડૉ. એમ.આઈ.જોષી પ્રાથમિક શિક્ષણ નિયામક (ગુ.રા.) મને આમુખ- ૧, મુજબ મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને નિયમો-૧૯૪૯ તથા આમુખ- ૨, ગુજરાત RTE નિયમો- ૨૦૧૨ હેઠળ મળેલ સત્તા અન્વયે શ્રી જેતપુર કેળવણી મંડળ ટ્રસ્ટ, જેતપુર, પ્રકાશ પ્રિન્ટ, ઓવર બ્રિજ પાસે, નવાગઢ, જિ. રાજકોટ સંચાલિત શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઇ) ઈંગ્લીશ સ્કુલ, બોસમિયા કોલેજ કેમ્પસ, જેતપુર જિ. રાજકોટને અંગ્રેજી માધ્યમની ધો. ૬ થી ૮ ની બિન અનુદાનિત ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા માટે એક એક વર્ગ શરુ કરવાની દરખાસ્ત **ઉપર્યુકત વિગતો અને રજુ કરેલ આધારોને ધ્યાને રાખી મંજૂર કરવાનો આદેશ કરું છું.**

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સદર શાળા/વર્ગની નોંધણી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. શાળાને ગુજરાત RTE રૂલ્સ- ૨૦૧૨, સ્કૂલ સેફટી પોલીસી- ૨૦૧૬ અને ફી રેગ્યુલેશન એકટ- ૨૦૧૭ નો અમલની કરવાની તથા ફાયર સેફટી હોવા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી જેતપુર કેળવણી મંડળ ટ્રસ્ટ, જેતપુર, પ્રકાશ પ્રિન્ટ, ઓવર બ્રિજ પાસે, નવાગઢ, જિ. રાજકોટ
C/O શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઇ) ઈંગ્લીશ સ્કુલ, બોસમિયા કોલેજ કેમ્પસ, જેતપુર જિ. રાજકોટ

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ ડી.ઇ.ઓ., રાજકોટ

(૩) સિલેક્ટ ફાઈલ

H.B. Purohit
**PRINCIPAL**
**SPCG ENGLISH SCHOOL**
**JETPUR**

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelvani Mandal Trust

**District Education Office, RAJKOT CORPORATION**

**ઓનલાઇન એપ્લીકેશન નં.-** 394225

**ક્રમાંક-** નં/પ્રા.શિ./ખાનગી/ક્રમિક/વર્ગ વધારો/વશીર૧/પ્રાથ/ક-૪/વર્ગ વધારો/જૂન ૨૦૨૧/૨૦૨૧/૧૮૭-૮૮
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી**
**જિલ્લો :-** RAJKOT CORPORATION
**તા.** 30-01-2021

**પ્રતિ,**

પ્રમુખશ્રી / મંત્રીશ્રી / સંચાલકશ્રી,

JETPUR KELAVANI MANDAL TRUST
C/O. SHREE G.K. & C.K.BOSAMIA COLLEGE CAMPUS, JUNAGADH ROAD JETPUR

**વિષય:-** જૂન ૨૦૨૧ થી બિન અનુદાનિત/ગ્રાન્ટ વિનાની નવી નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫) / ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) શાળા માટે વર્ગ વધારાની મંજૂરી આપવા બાબત.

**શાળા મંડળનું નામ:-**JETPUR KELAVANI MANDAL TRUST

**સરનામું:-**C/O. SHREE G.K. & C.K.BOSAMIA COLLEGE CAMPUS, JUNAGADH ROAD JETPUR

**શાળાનું નામ:-**SHRI PRANLAL CHHAGANLAL GODA(DESAI)ENGLISH SCHOOL

**સરનામું:-**JETPUR, SHRI G.K.& C.K. BOSAMIA COLLEGE CAMPUS JUNAGADH ROAD JETPUR, RAJKOT CORPORATION, RAJKOT CORPORATION - 360370

**માધ્યમ:-**અંગ્રેજી **ધોરણ:-**ધો. ૬ નો 1 વર્ગ, ધો. ૭ નો 1 વર્ગ, ધો. ૮ નો 1 વર્ગ

**સંદર્ભ:-**
1. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે
2. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ-૨૦૧૨ અન્વયે
3. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અન્વયે
4. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ અન્વયે
5. આપના શાળા મંડળ તરફથી નવી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળા શરૂ કરવા મળેલ અરજી અન્વયે
6. અત્રેની કચેરીના તપાસ અધિકારીશ્રી શ્રી મુંજલભાઇ બડમલિયા,શિ.નિ. નો તા. 27-01-2021 નો તપાસ અહેવાલ

**શ્રીમાન,**

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૧૮ અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ-૨૦૧૨ના નિયમ (૫) (૧) હેઠળ મળેલ સત્તાની રૂએ તથા મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ અન્વયે જૂન-૨૦૨૧ થી નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા આપના શાળા મંડળ તરફથી મળેલ ઓનલાઇન અરજી તથા અરજી સાથે જોડેલ બીડાણોનાં આધારે જૂન-૨૦૨૧ થી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક (નિમ્ન / ઉચ્ચ) શાળા માટે ધો. ધોરણ - ૬ થી ૮ વર્ગ વધારો / ક્રમિક વર્ગ વધારાની નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

1. શાળાની માન્યતાની શરતો પૂર્ણ કરવાની અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
2. બાળકોના મફત અનેઅને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ તથા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ જોગવાઇઓનું પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

H. B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelavani Mandal Trust

3. અધિનિયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો, ઉપનિયમો, ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
4. શાળાએ નજીકના વિસ્તારમાં નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના 25 % મુજબ પ્રવેશ આપવો જોઇશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પુરૂ પાડવું જોઇશે. તેના અમલ માટે સંબંધિત કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
5. કેપીટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઇપણ કેપીટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઇશે નહીં.
6. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેના તેણીના માતા-પિતા અથવા વાલીઓની કોઇપણ રીતે સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઇશે નહીં.
7. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતી, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઇપણ આધાર પર કોઇ બાળકને પ્રવેશ આપવાનો ઇન્કાર કરવો જોઇશે નહીં.
8. શાળાએ સુનિશ્ચિત કરવું જોઇએ કેઃ-
    1. પ્રવેશ આપેલ કોઇપણ બાળકને શાળામાં પ્રારંભિક શિક્ષણ પુરૂ થતા સુધી ધોરણ- ૫ અને ધોરણ- ૮ સિવાયના કોઇપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગ બઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાં આવે.
    2. કોઇપણ બાળક શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસને પાત્ર થાય નહીં.
    3. પ્રારંભિક શિક્ષણ પુરૂ કરનાર દરેક બાળકને નિયમ-૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.
    4. અધિનિયમોની જોગવાઇ પ્રમાણે અશકતતા ધરાવતા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.
    5. સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
    6. શિક્ષક-વિધાર્થી પ્રમાણ નિયમાનુસારનું હોવું જોઇશે. શાળામાં વર્ગખંડનું ક્ષેત્રફળ નિયમાનુસાર હોવુ જોઇએ તથા જરૂરી તમામ ભૌતિક સૂવિધાઓ હોવી જોઇએ.
    7. અધિનિયમની કલમ-૨૪ની પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજો બજાવે
    8. શિક્ષક અથવા શિક્ષિકાઓ પોતે ખાનગી ટયુશન આપી શકશે નહીં. તે જોવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.
    9. કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.
9. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળાએ શિક્ષણ આપવાનું રહેશે.
10. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિધાર્થીઓ પ્રવેશ આપવો જાઇએ.
11. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઇશે અને ખાસ કરીને કોઇ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઇટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય ડીઆઇએસઇ(ડાયસ) ડીસ્ટ્રીકટ ઇન્ફોરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઇશે.
12. શાળાની જગ્યાએ અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઇ અનધિકૃત શાળા વર્ગો ચલાવવા જોઇશે નહીં.
13. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનો અથવા મેદાનનો માત્ર શિક્ષણ કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.
14. શાળા સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦, (સને-૧૮૬૦ની ૨૧ માં તેમજ ૧૯૫૨ હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઇ તેવા કાયદા રચાયેલા મંડળ/કંપની દ્વારા ચલાવવામાં આવવી જોઇશે.
15. શાળા કોઇ વ્યકિત, જૂથ અથવા વ્યકિતઓના મંડળ અથવા કોઇ બીજી વ્યકિતઓના નફા માટે ચલાવી શકાશે નહિ.
16. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઇએ અને તેને પ્રમાણિત કરાવવા જોઇશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઇએ. દર વર્ષે હિસાબોના પત્રકો ઓડિટ કરાયેલા રીપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઇશે.
17. CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઇશે અને સમક્ષ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.
18. શાળા સલામતી માટેના જરૂરી પગલા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઇડલાઇન મુજબ સમય મર્યાદામાં લેવાના રહેશે. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬નો અમલ કરવાનો રહેશે.
19. શાળામાં ફાયર સેફટીની સુવિધા અંગે સમયાંતરે સક્ષમ અધિકારી પાસે પ્રમાણપત્ર રીન્યુ કરાવવાનું રહેશે.
20. વિધાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતો વખત જરૂરી હોય તેવા પગલાં લઇ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.

H. B. Purohit
PRINCIPAL
SPCG ENGLISH SCHOOL
JETPUR

Chandrakant M. Chhatbar
[ Managing Trustee ]
Shri Jetpur Kelavani Mandal Trust

21. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.
22. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭નાં પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.
23. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત કરેલ વ્યકિત તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.
24. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાઠયપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.
25. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઈએ.
26. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઈશે.
27. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યાતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.
28. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફારકે શાળાના વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કરી શકાશે નહી.
29. જે વર્ષમાં શાળાને મંજૂરી આપવામાં આવેલ હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મ્ળ્યા પછીના ૬ માસમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.
30. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.
31. સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા તમામ ઠરાવ/પરિપત્રો/સૂચનાઓ/નિયમોનું પાલન કરવાનું રહેશે.
32. સદર મંજૂરી આપના ધ્વારા રજૂ થયેલ મહેસૂલી અને અન્ય આધારો સાચા છે. તેમ માની આપવામાં આવે છે. ભવિષ્યમાં રજૂ કરેલ કોઇપણ આધાર બનાવટી માલૂમ પડશે તો તે માટે સંચાલક મંડળ જવાબદાર ગણાશે અને તે માટે તેઓ વિરુધ્ધ પોલીસ ફરિયાદ સહિતના પગલાં લેવાની સરકારને સત્તા રહેશે જેની નોંધ લેવી.
33. આપની શાળાને ફાળવેલ માન્યતા હુકમ નંબર નં/પ્રા.શિ./ખાનગી/ક્રમિક/વર્ગ વધારો/વશી૨૧/પ્રાથ/ક-૪/વર્ગ વધારો/જૂન ૨૦૨૧/૨૦૨૧/૧૮૭-૮૮ 30-01-2021 છે. તેની નોંધ લેવા અને આ કચેરી સાથેના કોઇપણ પત્રવ્યવહાર માટે તેનો ઉલ્લેખ કરવા વિનંતી.

**DEO/DPEO નો સ્પષ્ટ અભિપ્રાય :-** અભિપ્રાય થાય છે.

સ્થળ:- RAJKOT CORPORATION

તારીખ:- 30-01-2021




સહી/-

H.B. Purohit
**PRINCIPAL**
**SPCG ENGLISH SCHOOL**
**JETPUR**

(B.S.Kaila)
District Education Officer
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જિલ્લો :- RAJKOT CORPORATION

**Chandrakant M. Chhatbar**
[ Managing Trustee ]
Shri Jetpur K... Mandal Trust

નકલ સવિનય રવાના –
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગર